બીન સરકારી માધ્યમિક શાળાના
કર્મચારીઓની પેન્શન યોજના.
-:-:-:-:-:-:-:-:-:-:-:

સરકારી કર્મચારીઓ અંગે થતા પેન્શન/
ગ્રેજ્યુઈટીને લગતા સુધારા આપો આપ
લાગુ પાડવા અંગે.

:-:-:-:-:-:-:-:-:-:-:-:-:

ગુજરાત સરકાર,
શિક્ષણ વિભાગ,
પરિપત્ર ક્રં. બમશ-૧૧૮૦-૯૦૭૪૫-ગ,
સચિવાલય, ગાંધીનગર, તા. ૨૦-૧૨-૧૯૮૦.

1 JAN 1981

વંચાણમાં લીધો:-
-:-:-:-:-:-:

(૧) નાણા વિભાગનો સરકારી ઠરાવ નં. એનવીએન-
૧૦૭૯-૧૬૮૮-પ. તા. ૫-૭-૧૯૭૯.

(૨) નાણા વિભાગનો સરકારી ઠરાવ નં. એનવીએન-
૧૦૭૯-૧૭૮૮-પ. તા. ૧૨-૭-૭૯.

(૩) સરકારી ઠરાવ નં. એનવીએન-૧૦૭૯-૧૫૯૮-પ.
તા. ૧૨-૭-૭૯.

(૪) શિક્ષણ વિભાગનો તા. ૨૧-૧૨-૭૧ નો સરકારી
ઠરાવ નં.એસએસએન-૩૪૭૦-૪૧૮૪૫-ગ.

(૫) શિક્ષણ વિભાગનો તા. ૪-૧૨-૭૩ નો પત્ર ક્રં.
એસએસએન-૩૪૭૨-૧૧૬૯૨૯-ગ, (નકલ આસાથે જોડેલ છે.)

(૬) શિક્ષણ વિભાગનો તા. ૩૧-૭-૮૦ નો પત્ર કે જે ફક્ત શિક્ષણ
નિયામકશ્રીને ઉદ્દેશીને લખેલો છે: નં. બમશ-૧૧૭૯-૪૩૭૦૨/ગ.
શિક્ષણ નિયામકશ્રી, ગુજરાત રાજ્ય, અમદાવાદનો તા. ૧૮-૮-૭૯ નો
પત્ર નં. ૧૮- મબગ-પેન-જનરલ-ઘ/૨/૫૭૧૩.

પ રિ પ ત્ર:-
-:-:-:-:-:

બીન સરકારી માધ્યમિક શાળાના કર્મચારીઓને તારીખ ૨૧-૧૨-૭૧ ના ઠરાવથી સરકારી કર્મચારીઓની પેન્શન યોજનાનો લાભ આપવામાં આવ્યો છે. તે ઠરાવમાં જણાવ્યા પ્રમાણે સરકારી કર્મચારીઓની પેન્શન યોજનામાં વખતોવખત થતા સુધારા વધારા ઉપરોક્ત કર્મચારીઓને પણ લાગુ પડે છે. આ બાબતમાં વધુ સ્પષ્ટતાઓ કરવાની રજુઆતો લક્ષમાં લઈ સરકારે તા. ૪-૧૨-૭૩ના પત્રથી જરુરી સ્પષ્ટતાઓ પણ કરી છે. તેમ છતાં સરકારી કર્મચારીઓની પેન્શન યોજનામાં

૨...

કરવામાં આવતાં આવા સામાન્ય સુધારા વધારાનો લાભ બીન સરકારી માધ્યમિક શાળાના કર્મચારીઓને આપોઆપ આપવાની કાર્યવાહી કરવામાં આવતી નથી અને નાણા વિભાગ તરફથી સરકારી કર્મચારીઓની પેન્શન યોજનામાં થતા સુધારા- વધારા અંગેના હુકમો થયા છે. તે હુકમો બીન સરકારી માધ્યમિક શાળાના કર્મચારીઓને પણ લાગુ પાડવા માટે સરકારમાં બીન જરુરી પુછાણો થાય છે અને વિલંબમાં પરિણમે છે.

ઉપરોકત તા. ૪-૧૨-૭૩ ના પત્રની સૂચનાઓ સંબંધકર્તા દરેક જીલ્લા શિક્ષણાધિકારીના ધ્યાન ઉપર આથી લાવવામાં આવે છે અને તે અંગે તેઓ જરુરી માર્ગદર્શન તેમના હસ્તકની બીન સરકારી માધ્યમિક શાળાઓ/ અધ્યાપન મંદિરના સંચાલકો તેમજ કર્મચારીઓના ધ્યાન ઉપર ફરીથી લાવે તેવી વિનંતી કરવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

સુભાષ જ .પટેલ
સેકશન અધિકારી,
શિક્ષણ વિભાગ.

પ્રતિ,
શિક્ષણ નિયામકશ્રી, ગુ. રા. અમદાવાદ,
બધા જીલ્લા શિક્ષણાધિકારીશ્રીઓ,
સચિવશ્રી, ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર,
એ.જી. અમદાવાદ/ રાજકોટ,
હિસાબ અને તિજોરી નિયામકશ્રી, સિવિલ હોસ્પિટલ, અસારવા, અમદાવાદ.
પે એન્ડ એકાઉન્ટ ઓફિસર, અમદાવાદ,
રેસીડેન્ટ ઓડિટ ઓફિસર, અમદાવાદ,
માધ્યમિક શિક્ષણક્ષેત્રે આવેલા રાજ્યકક્ષાના તમામ સંઘ- મહામંડળો/
(શિક્ષણ નિયામકશ્રી મારફતે).
નાણા વિભાગ 'પ' શાખા,
ન, ધં, ખ, ગ-૧, ન, શાખાઓ શિક્ષણ વિભાગ,
માહિતી નિયામકશ્રી, સચિવાલય, ગાંધીનગર તરફ.